દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૫ નવેમ્બર, ૨૦૨૫

# દુનિયામાં અણુ પરીક્ષણોની ચિંતાજનક લહેર શરૂ થઈ રહી છે?

હાલમાં એક ચોંકાવનારી વાત બહાર આવી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વિશ્વના કેટલાક અણુ શસ્ત્ર સજ્જ દેશો ગુપચુપ અણુ પરીક્ષણો કરી રહ્યા છે. પાકિસ્તાન અને ચીન અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યા છે એમ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં આપેલા એક ઇન્ટરવ્યુમાં દાવો કર્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રશિયા અને ઉત્તર કોરિયા પણ તેમના અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યા છે. આમ તો ટ્રમ્પ ફેંકાફેંક કરવા માટે જાણીતા છે પરંતુ આવી ગંભીર વાત તેમણે કોઇ નક્કર ગુપ્તચર માહિતીઓના આધારે જ કહી હશે. ટ્રમ્પની આ ટિપ્પણીઓ કદાચ એટલા માટે આવી છે કે તેઓ અમેરિકન દળોને તેમણે હાલમાં અણુ શસ્ત્રોનું પરીક્ષણ કરવા માટેના આપેલા આદેશને તેઓ વાજબી ઠરવવા માગે છે, જે આદેશ તેમણે અમેરિકાના 33 વર્ષના સ્વૈચ્છિક સ્વનિયંત્રણ પછી જારી કર્યો છે.

ટ્રમ્પે CBSના એક કાર્યક્રમમાં એક ઇન્ટરવ્યુ આપતા આ દાવો કર્યો છે. તેમણે એમ પણ કહ્યું છે કે જે દેશો અણુ બોમ્બ ધરાવે છે તેઓ પરીક્ષણો કરી રહ્યા છે પણ તે અંગે વાત કરતા નથી. તેમણે જણાવ્યું હતું કે ચીન અને પાકિસ્તાન છૂપી રીતે વિસ્ફોટો કરી રહ્યા છે. “રશિયા પરીક્ષણ કરી રહ્યું છે અને ચીન પરીક્ષણ કરી રહ્યું છે, પણ તેઓ તેના વિશે વાત કરતા નથી. તમે જાણો છો, આપણે એક ખુલ્લો સમાજ છીએ. આપણે અલગ છીએ. આપણે તેના વિશે વાત કરીએ છીએ... તેમની પાસે એવા પત્રકારો નથી જે તેના વિશે લખે.” આમ કહીને તેમણે અમેરિકાની લોકશાહી અને તેના ખુલ્લાપણાની અને ચીન તથા રશિય જેવા દેશોના બંધિયારપણાની પણ વાત કહી દીધી છે. તેમણે પાકિસ્તાન પર પણ આરોપ લગાવતા કહ્યું છે કે તે પણ અણુ પરીક્ષણો કરી રહ્યું છે. “ચોક્કસપણે ઉત્તર કોરિયા પરીક્ષણ કરી રહ્યું છે. પાકિસ્તાન પરીક્ષણ કરી રહ્યું છે.” એમ કહેતા ટ્રમ્પે આ જ ઇન્ટરવ્યુમાં ટ્રમ્પે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ પોતે અટકાવ્યું હોવાનો પોતાનો દાવો ફરી દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન અણુ યુદ્ધના આરે આવીને ઉભા રહી ગયા હતા, જે મેં વેપાર અને ટેરિફથી અટકાવ્યું. જો પોતે દરમ્યાનગીરી ન કરી હોત તો લાખો લોકો મરી ગયા હોત એમ ટ્રમ્પે કહ્યું હતું. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ( અણુ શસ્ત્રો ધરાવતા દેશો) તમને કહેશે નહીં, તેઓ અન્ડરગ્રાઉન્ડ અણુ વિસ્ફોટો કરી રહ્યા છે જેમાં લોકોને ખબર પડતી નથી કે પરીક્ષણમાં ખરેખર શું થયું? તમને થોડીક ધ્રુજારી અનુભવાય છે પરંતુ તે સિવાય ખાસ કંઇ જાણવા



મળતુ નથી એ મુજબ તેમણે કહ્યું હતું. ગ્લોબલ મોનિટરિંગ સ્ટેશનો જમીનની ધ્રુજારી શોધી કાઢે છે, જે ભૂકંપ જેવા મોજાઓ હોય છે, જે ભૂગર્ભ અણુ વિસ્ફોટોના કારણે થયેલી હોય છે. જો કે ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ પરીક્ષણો ગુપ્ત રીતે કરવામાં આવે છે તેથી તેમને શોધવાનું અશક્યવત બને છે.

ટ્રમ્પનો આ દાવો ભારત માટે એક ચિંતાની બાબત બની શકે છે કારણ કે તે પાકિસ્તાન અને ચીનનો બે મોરચે સામનો કરી રહ્યું છે. ચીન પાસે ૬૦૦ જેટલા અણુ બોમ્બ છે તેના કરતા ઘણા ઓછા ૧૮૦ અણુ બોમ્બ ભારત પાસે છે. પાકિસ્તાન પાસે ૧૭૦ અણુ બોમ્બ છે પણ તેની પાસે એટલી સંતૃપ્ત સામગ્રી છે કે તે ૨૦૨૮ સુધીમાં પોતાના અણુબોમ્બની સંખ્યા ૨૦૦ સુધી લઇ જઇ શકે છે. વળી ચીનની FOBS સિસ્ટમ ભારત માટે મોટો ખતરો છે જે આગાહી નહીં કરી શકાય તેવો માર્ગ પકડીને હુમલો કરી શકે છે અને ભારતના પૃથ્વી ડીફેન્સ વેહીકલ સહિતના ઇન્ટરસેપ્ટરોને ચકમો આપી શકે છે. આ બંને દેશોની મિલિભગત અને ભારત પ્રત્યેની તેમની શત્રુતા જોતા ભારતે સતર્ક રહેવું પડશે. જો કે હવે, ટ્રમ્પ દ્વારા અમેરિકાના પરમાણુ શસ્ત્રોનું પરીક્ષણ કરવાની હિલચાલ અને ચીન અને પાકિસ્તાન દ્વારા ગુપ્ત રીતે આમ કરવાના તેમના દાવાઓએ ભારત માટે પોખરણ-૩ અણુ પરીક્ષણ કરવા માટે એક બારી ખોલી દીધી છે, જે ભારતના પરમાણુ બોમ્બની અસરકારકતા ચકાસી શકશે. પોખરણ-૨ અણુ પરીક્ષણ વખતે ૧૯૯૮માં ભારતના અણુ વિસ્ફોટથી પુરતી શક્તિ પેદા કરી શકાઇ ન હતી તેવા ડીઆરડીઓના એક વૈજ્ઞાનિકના દાવાથી સર્જાયેલી શંકાઓ પણ ભારત ત્રીજું અણુ પરીક્ષણ કરીને દૂર કરી શકશે. જો કે આ બધાની સાથે એ વાત ચોક્કસ છે કે દુનિયામાં અણુ પરીક્ષણોની એક લહેર શરૂ થવાના ચિંતાજનક સંજોગો ઉભા થઇ રહ્યા છે.

# ભારતની મહિલા ક્રિકેટ ટીમને ખૂબ ખૂબ અભિનંદન

## આ ઐતિહાસિક વર્લ્ડ કપ જીત ભારતીય મહિલા ક્રિકેટ અને વૈશ્વિક પ્રભુત્વ માટે નવા યુગનો સંકેત

૨ નવેમ્બરની રાત્રે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પહેલી વાર વર્લ્ડ ચેમ્પિયન બની. ફાઇનલ મેચે સમગ્ર રાષ્ટ્રના શ્વાસ રોકી રાખ્યા હતા. આ વિજય ભારતના પ્રથમ મહિલા વર્લ્ડ કપ ટાઇટલનું પ્રતીક છે. આ ક્ષણને ઘણાં લોકો ભારતીય રમતગમત ઈતિહાસમાં સૌથી ભાવનાત્મક ક્ષણોમાંની એક ગણાવી રહ્યાં છે.વાતાવરણ ઉત્સાહપૂર્ણ હતું, સ્ટેન્ડ પર ત્રિરંગો લહેરાઈ રહ્યો હતો અને સમગ્ર રાષ્ટ્ર જયઘોષ કરી રહ્યું હતું જ્યારે વાદળી રંગમાં મહિલાઓએ એ હાંસિલ કર્યું હતું, જેનું પેઢીઓએ સ્વપ્ન જોયું હતું. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં મહિલા ટીમે શેફાલી વર્માના મહત્ત્વપૂર્ણ ૮૭ રન અને દીપ્તિ શર્માની મેચ-વિનિંગ પાંચ વિકેટના સહારે એક પ્રભાવશાળી ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું. સ્મૃતિ મંધાના, રિચા ઘોષ અને ભારતના શિસ્તબદ્ધ બોલિંગ આક્રમણે 52 રનની યાદગાર જીત સુનિશ્ચિત કરી. જ્યારે ભારતીય શહેરોમાં આતશબાજી કરાઈ, ચાહકોએ દેશભરમાં ઉજવણી કરી, જે મહિલા ક્રિકેટ માટે એક સીમાચિહ્નરૂપ ક્ષણ હતી. દિગ્ગજો દ્વારા આ જીતની પ્રશંસા સાથે આ ઐતિહાસિક વર્લ્ડ કપ જીત ભારતીય મહિલા ક્રિકેટ અને વૈશ્વિક પ્રભુત્વ માટે નવા યુગનો સંકેત આપે છે.

આ વિજય વિશ્વમંચ પર ભારતીય મહિલા ક્રિકેટ માટે એક નિર્ણાયક ક્ષણ સાબિત થયો. તે એ પણ દર્શાવે છે કે, કેવી રીતે નાનાં શહેરોની છોકરીઓ ભારતની ક્રિકેટ કથાને ફરીથી લખી રહી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ મહિલા ટીમને તેમનો પ્રથમ વર્લ્ડ કપ ખિતાબ જીતવા બદલ 51 કરોડ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે. 51 કરોડ રૂપિયાનું ઈનામ ભારતને આઈસીસી તરફથી મળનારી ઈનામી રકમ કરતાં વધુ છે. ટોચની ક્રિકેટ સંસ્થા ટુર્નામેન્ટ વિજેતાઓને 4.48 મિલિયન યુએસ ડોલરનું ઈનામ આપશે, જે આશરે 39.78 કરોડ રૂપિયા થાય છે.

ભારતીય મહિલા ટીમે નવી મુંબઈના ડૉ. ડી.વાય. પાટિલ સ્ટેડિયમ ખાતે ફાઈનલ મુકાબલામાં દક્ષિણ આફ્રિકાને 52 રનથી હરાવ્યું. આ જીતના મહત્ત્વને શબ્દોમાં વર્ણવી શકાતો નથી. આ ફક્ત જીતની ક્ષણ ફક્ત મેદાન પર રહેલી મહિલાઓ માટે જ નહીં, પરંતુ આ આગામી પેઢીની હજારો છોકરીઓ અને ક્રિકેટરો માટે ગર્વની છે, જેમણે ફાઈનલમાંથી નવા હીરો મેળવ્યા છે.આવનારી પેઢીનાં ક્રિકેટરો, જેઓ હવે બેટ ઉપાડવાનાં છે, તેમની પાસે 16 મહિલા રોલ મોડેલ હશે, જેમની પાસેથી તેઓ પ્રેરણા લઈ શકશે.આ ભારતના ક્રિકેટ ઈતિહાસના એ ગુમનામ નાયકો માટે પણ છે, જેમણે આ લક્ષ્ય સુધી પહોંચવા માટે અથાક મહેનત કરી છે.

ભારતીય ટીમને 2005 અને 2017ની આવૃત્તિઓમાં નિરાશાનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે, તે છેલ્લા અવરોધમાં નિષ્ફળ ગઈ હતી. જો કે, 2025માં બધું બદલાઈ ગયું. કારણ કે, યજમાન ટીમે તેમનાં ઘરઆંગણાનાં ચાહકો સામે આઠ ટીમોની ટુર્નામેન્ટ જીતી લીધી હતી. આ ફાઈનલ મુકાબલામાં ભારતે રમતના ત્રણેય વિભાગોમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું, જે ટીમના પ્રથમ વર્લ્ડ કપ ટાઈટલ જીતવાનું મુખ્ય કારણ હતું. રમતની શરૂઆત દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમે ટોસ

### ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**આગામી પેઢીની હજારો છોકરીઓ અને ક્રિકેટરો માટે ગર્વની ક્ષણ છે, જેમણે ફાઈનલમાંથી નવા હીરો મેળવ્યા છે**

જીતીને પ્રથમ બોલિંગ કરવાના નિર્ણય સાથે થઈ હતી. શેફાલી વર્માની 87 રનની ઈનિંગને કારણે ભારતે બોર્ડ પર 298 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલ્વાર્ડે પછી સદી ફટકારી. જો કે, આ ઈનિંગ નિરર્થક રહી. કારણ કે, દીપ્તિ શર્માએ પાંચ વિકેટ ઝડપીને ભારતને 52 રનથી જીત અપાવી. શેફાલીએ પણ બે વિકેટ લીધી અને તેના ઓલરાઉન્ડ પ્રદર્શનને કારણે તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. વર્લ્ડ કપમાં ભારતની સફળતાને તેના સારા-નરસા સંદર્ભ વિના જોઈ શકાય નહીં અને ચાહકોને નિઃશંકપણે યાદ અપાવવામાં આવ્યું કે રમત કેટલી આગળ વધી ગઈ છે. 2017માં મિતાલી રાજની ટીમે ફાઈનલમાં પ્રવેશ કર્યો ત્યારે મહિલા ક્રિકેટમાં અનેકગણી જાગૃતિ આવી, જે ભૂતપૂર્વ કેપ્ટનના ત્યાગથી ભરેલી કારકિર્દીમાં જોવા મળી હતી તેના કરતાં ઘણી વધારે હતી. પરંતુ તે પછીનાં મહિનાઓ અને વર્ષોમાં રમત સ્થિર થઈ ગઈ. લોર્ડ્સની હાર પછી ભારતીય ટીમ છ મહિનાથી વધુ સમય સુધી બીજી કોઈ ઓડીઆઈ રમી શકી નહીં.

મહિલા આઈપીએલ-શૈલીની લીગ માટે યોજનાઓ બનાવીને આવા યાદગાર દોરનો મહત્તમ લાભ ઉઠાવવાની માંગને સતત એમ કહીને અવગણવામાં આવી કે, તેમાં ઊંડાણનો અભાવ છે.

આ એક પ્રકારનો પાઠ છે જે ભારતીય ક્રિકેટ પ્રશાસકો શીખી શકે છે અને ખાતરી કરી શકે છે કે મહિલાઓની રમત માટે રોકાણમાં વધારો કરવામાં આવે. પ્રવાસોનું વધુ સારું આયોજન, સંપૂર્ણ અંડર-19 અને A કાર્યક્રમ અને જમીની સ્તરે ક્રિકેટ પર ગંભીર ધ્યાન આપવામાં આવે. ઓછામાં ઓછા હવેથી બે-ત્રણ વર્લ્ડ કપ બાદ ટીમનો ભાગ રહેલી ખેલાડીઓની સફરની મૂળ વાર્તા સમાન નહીં હોય. તેમની પાસે જોવા માટે મહાન આદર્શ હીરો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## વ્યર્થ ચિંતા



રોહનનો નાનો પરિવાર હતો. માતા-પિતા,પત્ની, બે બાળકો અને નાની બહેન. બધાંની જવાબદારી તેના ઉપર હતી. તે સતત મહેનત કરતો પણ ખર્ચા ઘણા હતા. માતાની બિમારી અને બહેનના લગ્નની ચિંતા હતી.વળી તેના ઘરે મહેમાનો પણ માતા પિતાને મળવા આવતાં. તેનો બધો જ વખત ખર્ચા પૂરા કરવામાં નીકળી જતો. રોહન સતત ચિંતામાં રહેતો કે અનેક જવાબદારીઓ તેણે નિભાવવાની છે, કોઈ મદદ કરનાર નથી, ભવિષ્ય માટે બચત તે કરી શકતો નથી.

એક દિવસ રોહન સતત ચિંતામાં હતો અને માતાએ કહ્યું, ‘‘કાલે કાકા-કાકી ત્રણ દિવસ રોકવા આવવાના છે.’’એટલે વળી તે ત્રણ દિવસમાં વધી જનાર ખર્ચનું વિચારવા લાગ્યો. તેની ચિંતા વધી. રોહનનો આઠ વર્ષનો દીકરો દોડતો દોડતો આવ્યો અને બોલ્યો, ‘‘પપ્પા આજે મને તમારે હોમવર્ક કરાવવું પડશે.’’

રોહને પોતાના મનનો ભાર ગુસ્સા રૂપે નાનકડા દીકરા સોહમ પર ઠાલવ્યો. એક લાફો મારી, હડસેલી મૂકતાં કહ્યું, ‘‘મને બહુ કામ છે, પરેશાન નહિ કર, જા જાતે જઈને હોમવર્ક કર...’’ સોહમ આંખોમાં આંસુ સાથે જતો રહ્યો.

રાત્રે જમ્યા બાદ રોહનને પોતાના વર્તન પર પસ્તાવો થયો કે પોતે ચિંતામાં છે તેમાં દીકરાનો શું વાંક હતો? નકામો તેની પર ગુસ્સો કર્યો. રોહન સોહમ શું કરે છે તે જોવા ગયો. સોહમ પોતાની હોમવર્ક બુક બાજુમાં રાખી સૂઈ ગયો હતો. રોહને જઈને તેના માથે હાથ ફેરવ્યો અને હોમવર્ક બુક ખોલીને જોઈ તો તેની આંખો ભીની થઇ ગઇ.

હોમવર્ક બુકમાં હોમવર્ક હતું. મારા પપ્પા અને રોહનનો સરસ ફોટો લગાડેલો હતો. નીચે‘ આઈ લવ યુ ડેડી ’ લખ્યું હતું.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સામેના પાને સોહમે લખ્યું હતું કે ‘‘મારા પપ્પા મને બહુ ગમે છે. આજે હોમવર્કમાં તેમની સાથે આખો દિવસ પસાર કરી શું કર્યું તે લખવાનું હતું પણ પપ્પા ગુસ્સે થઇ ગયા અને મને ખીજાયા એટલે મેં તેમને કંઈ કહ્યું નથી.પપ્પા આજે ગુસ્સે થયા પણ મારા પપ્પા મારા માટે નવાં કપડાં લાવે છે. મને ફરવા લઇ જાય છે, મમ્મીથી છુપાઈને ચોકલેટ અપાવે છે. હું માંગું તે રમકડાં મને લાવી આપે છે. મારા પપ્પા મને બહુ ગમે છે. ભલે આજે ગુસ્સો કર્યો પણ હું નસીબદાર છું કે મારી પાસે બહુ પ્રેમ કરવાવાળા અને થોડું ખીજાતા પપ્પા છે. મારા દોસ્ત રાજુ પાસે તો પપ્પા જ નથી.’

રોહન આ વાંચીને વિચારમાં પડ્યો. દીકરાને બહુ વ્હાલ કર્યું અને ખાસ છેલ્લી લિટી વાંચીને તે વધુ વિચારવા લાગ્યો કે દીકરાએ સાચી વાત લખી છે...હું માતાની બીમારીના ખર્ચથી પરેશાન છું પણ મારી પાસે ચિંતા કરતી મા તો છે...બહેનના લગ્નની મને ચિંતા છે પણ રાખડી બાંધતી બહેન તો છે. મારી પાસે મારે ઘરખર્ચની બહુ ચિંતા રહે છે પણ પ્રેમાળ પરિવાર તો છે. મારી પાસે ...દર વખતે મહેમાનોના આવવાથી અણધાર્યો ખર્ચ વધે છે પણ મારા ઘર આંગણે સ્વજનો પ્રેમથી આવે તો છે. હું બધી વાતનો ભાર માથે લઇ વ્યર્થ ચિંતા કરું છું પણ હું સકારાત્મક બાજુ જોતો નથી કે હું કેટલો સદ્ભાગી છું.

# સ્વસ્થ સમાજરચનાનો આધાર બાળક છે

સાહિત્યકાર કોંકણી હોય, પંજાબી હોય કે ગુજરાતી પણ તેની કલમ બાળક માટે કંઈ આલેખે છે ત્યારે તેનું મહત્ત્વ ઊતરતું બની જાય છે. ભાષા ઉર્દૂ હોય, બંગાળી કે હિન્દી, બાળવાચકોને હંમેશા વડીલોની પસંદગી ઉપર આધાર રાખવાનો હોય છે. આથી ખુદ રાષ્ટ્રીય અકાદમી માટે પણ બાળસાહિત્ય સર્જન દ્વિતીય દરજ્જાના સ્થાને રહ્યું છે. બાળકો જ દેશનું ભવિષ્ય છે તેમ ૭૫ વર્ષથી કહીએ તો છીએ પણ રાષ્ટ્રના ભાવિઘડતર માટે સાહિત્ય ક્ષેત્રે કંઈ રોકાણ થતું જોવા મળતું નથી. આ સ્થિતિ વચ્ચે પણ ગુજરાતી ભાષાએ બાળકોની વકીલાત કરનાર ગિજુભાઈ બધેકાને દેશ સમક્ષ મૂક્યાં. સ્થાનિક પર્યાવરણને જાળવી માતા-પિતાની હૂંફ અને પ્રેમભાવને જ પ્રાથમિક્તા આપી મૂછાળી માએ બાળઉછેરનું ગાન કર્યું અને ડંકાની ચોટે કહ્યું કે, “સ્વસ્થ સમાજની રચનાનો મૂળભૂત આધાર સ્વસ્થ બાળક છે.”

સ્વતંત્ર ભારતના બંધારણે અને પછી ભારતની સંસદે બાળકોને શિક્ષણ, પોષણ અને વિકાસની સમાન તકને આધાર આપ્યો. આથી આજકાલ ભારતમાં નાના પરિવારમાં બાળક કેન્દ્રસ્થાને આવતું થયું છે. કુટુંબમાં બાળક પ્રશંસાને પાત્ર બની રહ્યું છે. બદલાતો સમય બાળસાહિત્યના વિકાસ માટે ઊર્જાવાન દેખાઈ રહ્યો છે ત્યારે બાળસાહિત્ય તેમજ બાળકોની સર્જનશીલતાને પ્રોત્સાહન વધુ આવકારદાયક બને છે.

છેક હિતોપદેશ અને પંચતંત્રના સમયથી આપણો વાર્તાવૈભવ દીપ્તમાન છે. પરંતુ સમયાંતરે સામાજિક મૂલ્યો બદલાતાં રહે છે. આથી કેટલીક પ્રચલિત વાર્તાઓનો બોધ હવે અ-પ્રસ્તુત જણાય છે. સમયાંતરે સમાજ સામે વૈજ્ઞાનિક તથ્યો ઉજાગર થતાં જાય છે. આથી “રાજા સીડી ઉપર પગથિયાં ચડતો ચડતો સ્વર્ગમાં પહોચ્યોં.’’ તેવું આજનું બાળક માનવા તૈયાર થશે નહીં. રામાયણ અને મહાભારત તો ભારતીયતાનો આધાર બન્યાં છે. આમ છતાં ૨૧મી સદીના બાળસમાજના ઘડતર માટે હવે પુરાણો પ્રેરણાની ગળથૂથી બની રહે તેવું શક્ય જણાતું નથી.

માનવશરીરની જૈવિક રચનાઓ, તેથી વિશેષ માનવ-મસ્તિષ્ક દ્વારા થતું સંકલન અને તેથી પણ જટિલ એવાં રાસાયણિક સંયોજનોને સમજવા માટે આજે પણ વિજ્ઞાન મર્યાદિત સાબિત થઈ રહ્યું છે ત્યારે સમાજઘડતર માટેની બાળ-વાર્તાઓની વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિ તૈયાર કરવાનું કાર્ય સિદ્ધહસ્ત સાહિત્યકારો માટે પણ કપરું બને છે. આમ છતાં પરંપરા, શ્રદ્ધા, સ્થાપિત મૂલ્યો કે સહભાગી અવલોકનથી આગળ વધી હવે વૈજ્ઞાનિક તથ્યોના આધારે બાળવાર્તાનું ઘડતર કરવું પડશે.

આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં પૂર્વના એક બૌધ્ધ ફિલસૂફ લાઓત્ઝેએ પોતાની વિચારપોથીમાં નોંધ્યું કે, “હકીકત સરી જાય છે ત્યારે તત્ત્વ

### અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**સમાજઘડતર માટેની બાળ-વાર્તાઓની વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિ તૈયાર કરવાનું કાર્ય સિદ્ધહસ્ત સાહિત્યકારો માટે પણ કપરું બને છે. આમ છતાં પરંપરા, શ્રદ્ધા, સ્થાપિત મૂલ્યો કે સહભાગી અવલોકનથી આગળ વધી હવે વૈજ્ઞાનિક તથ્યોના આધારે બાળવાર્તાનું ઘડતર કરવું પડશે**

પેસી જાય છે.’’ અહીં હકીકત એટલે વિજ્ઞાન અને તત્ત્વ એટલે ઉપદેશ. આ વિચારે આપણાં બાળસાહિત્યનું તટસ્થ મૂલ્યાંકન થાય તો ખ્યાલ આવશે કે પાણી અથવા હવાના દબાણ કે ગુરુત્વાકર્ષણ વિષયે કોઈ વિચારવિનિમય થતો નથી, પરંતુ સત્ય-પ્રેમ-કરુણા બાબતે કેટલું તત્ત્વજ્ઞાન પીરસાયું છે? વાર્તાઓમાં તો ઠાંસી-ઠાંસીને ઉભરાયું છે. આપણી બાળ-રામાયણનાં રીંછ રાજા, કાગ ભૂશંડીજીએ પૃથ્વીની ૧૪ પરિક્રમા કરી તેવું સાંભળીને આપણે મોટાં થયાં છીએ પણ ગુગલમાં સંસ્કૃત શબ્દ પૃથ્વીનો અર્થ ‘જમીન’ તેવો છે. આથી વિકસિત મસ્તિષ્ક સાથેનું બાળક એમ કેવી રીતે માને કે રીંછભાઈએ આ ગ્લોબ (પૃથ્વી)ની ૧૪ પ્રદક્ષિણા પગપાળા કરેલી !!!

ઈલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોનથી આગળ વધી વૈશ્વિક અણુવિજ્ઞાન કેન્દ્રની તાજેતરની જાહેરાત મુજબ સૂક્ષ્મદર્શક યંત્રો હવે મિત્રો સુધી પહોંચ્યું છે. ૨૭૦૦ વર્ષ પહેલાં ચિંતન્ય જગતમાં પ્રવેશી જૈન ધર્મથી ઘોષણા થએલ કે “આત્મા જ્ઞાની છે.’ આ હકીકત હવે વિજ્ઞાન દ્વારા જીન્સના રંગસૂત્રોના સ્વભાવ પારખીને કહેવામાં આવી રહી છે ત્યારે ગિજુભાઈની વાર્તાને આનંદી કાગડો તેના જીન્સમાં રહેતા આનંદ, સૌંદર્ય, સ્નેહ પ્રકારનાં રંગસૂત્રોના પ્રભાવથી મજામાં રહ્યો, ગીત ગાતો રહ્યો તેવું કહેવું પડશે. મનુષ્ય અને ઉંદરના રંગસૂત્રોમાં ૯૯% સામ્ય છે. આ તથ્યને સ્વીકારી આપણી વાર્તાના ઉંદરમામાને માન-સન્માન આપવું પડશે. હિંદુ કે મુસલમાન અંતે એક જ તત્ત્વને ચાહે છે તેવી ભાવનાત્મક્તાના સ્થાને આ પૃથ્વી ઉપરના તમામ મનુષ્યનાં જીન્સ એક જ છે તેમ કહી ભાઈચારાનો સંદેશ નવી પેઢી સુધી પહોંચાડીએ.

માનવવિજ્ઞાને પ્રતિપાદિત કર્યું છે કે, વ્યક્તિ જન્મનાં પ્રથમ ૫ વર્ષમાં જ સર્વાયવલ માટેનું ૮૦ % કૌશલ પ્રાપ્ત કરી લે છે અને બાકીનાં ૮૦-૮૫ વર્ષમાં માત્ર આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ એકત્ર કરવામાં સમય પસાર કરે છે. ગ્લોબલ બ્રેઈન ઈન્સ્ટીટ્યુટનાં હ્યુમન ઈવેલ્યુએશન એન્ડ લાઈફ હીસ્ટ્રી વિભાગના સંશોધન અહેવાલ અનુસાર વર્ષ ૨૦૫૦ સુધીમાં બાયોલોજિકલ ક્લોક મહદ્ અંશે બદલાઈ જવાની છે. સુપર કમ્પ્યુટરની ગણતરી અનુસાર માણસની સરેરાશ આયુષ્ય ૮૫ વર્ષની પહોંચી જશે. ક્રાઈસીસને ઓપર્ચ્યુનિટીમાં બદલવાના શિક્ષણને જ પ્રાધાન્ય અપાશે. રોબોટિક લાઈફ વ્યક્તિની પ્રથમ પસંદગી બની જતાં સ્ત્રીઓ ૪૦ વર્ષ પછી પ્રથમ બાળકની સંભાવના વિચારશે. આથી નવી-જૂની પેઢી વચ્ચેનું અંતર ૬૦-૬૫ વર્ષનું થઈ જશે. કરંટ એજીંગ સાયન્સના અહેવાલમાં સંશોધક કેડેલ લાસ્ટ નોંધે છે કે, અર્થ ઉપાર્જન સર્વેસર્વા બની જતાં માણસ બાયોનિક ઈમ્પોર્ટ કરવાનું જોખમ ખેડીને પણ દિવસભરના ૧૮-૨૦ કલાક કામ કરશે અને પોતાના હાથ-પગ પાસેથી મશીન પ્રકારે કામ લેશે. ભાવિ પરિવર્તનોને બાળ-સાહિત્યકારો અનદેખાં કરી શકે તેમ નથી કારણ તેમના સાહિત્યસર્જકનો બાળવાચક આજે કમ્પ્યુટર, મોબાઈલ, ટી.વી. પ્રકારના ગેજેટસના પરિચયે વર્ચ્યુઅલ રીયાલીટીના વિશ્વમાં પગ રાખી ચૂક્યા છે ત્યારે સાહિત્યના તમામ પ્રકારે સાથે જોડાએલ નાગરિકો કરતાં બાળ-સાહિત્યકારના ખભે વિશેષ જવાબદારી છે. કારણ તેઓ બાળકનાં બાયો કમ્પ્યૂટરની રેમ મેમરીને ઘડવાના છે અને બાળવાર્તાના સ્વરૂપની યાદદાસ્ત તેના મસ્તિષ્કમાંથી ક્યારેય ડિલીટ થવાનાં નથી ત્યારે બાળસાહિત્યની રચના કરનાર મિત્રો, ‘મનુષ્યદેહને મનુષ્યત્વ આપનાર એકમ મૂલ્ય છે.” જે પ્રાણીજગતથી આપણને એક અંક ઉપર રાખે છે ત્યારે ભલે નવી પેઢી માટે થઈ વિજ્ઞાનની ભાષામાં સાહિત્યનું સર્જન કરીએ પણ વાત માનવમૂલ્યોની જ કરીએ તેવી અભ્યર્થના. ફ્રાન્સના પ્રોટેસ્ટંન્ટ સુધારક જોન કેલ્વિને વર્ષ ૧૫૦૯માં નોંધ્યું છે જયારે બાળકની આશાઓ નાની હોય તો આપણે ઈશ્વરને કહેવું જોઈએ કે, એને મોટી કરી આપે, જયારે શાંત હોય તો જાગૃત કરવાનું કહેવું જોઈએ, જયારે આશાઓ ઢચુ-પચુ હોય તો દ્રઢ અને જયારે નબળી હોય ત્યારે તેને મજબૂત કરવાનું કહેવું જોઈએ. જયારે બાળકની આશાઓ પૂર્ણ ન થાય તે ઈશ્વરને ફરી કહે કે બાળક આગંતુકને ફરી ઊભો કરી આપે. બાળ-સાહિત્યકારો આ ઈશ્વર એટલે તમારી કલમ અને તેની તાકાત.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દિલ્હીનું પ્રદુષણ ઘટાડવા આટલું કરો!

દર વર્ષે શિયાળો બેસે એટલે દિલ્હીમાં વાયુ પ્રદુષણની સમસ્યા ઊભી થાય છે. હવે તો દિલ્હીના કૃતરા (ચાર પગવાળા) પણ અદાલતની અડફેટે ચઢી ગયા છે. 2017માં વાયુ પ્રદુષણને કારણે દિલ્હીમાં સ્કૂલ કોલેજો બંધ રાખવામાં આવેલ અને મુખ્યમંત્રીએ નિવેદન આપેલ કે દિલ્હી ગેસ ચેમ્બર બની ગયું છે. હકીકતમાં ટાઉન પ્લાનીંગના સિદ્ધાંતો પ્રમાણે દિલ્હી નેક્રોપોલિટન અવસ્થામાંથી પસાર થઈ રહ્યુ છે. ભારતને નવા કેપિટલ ડિસ્ટ્રિક્ટની જરૂર છે. જો ભારતની રાજધાની દિલ્હીને બદલે જબલપુર કે વ્યુહાત્મક સુરક્ષાની દૃષ્ટિએ અન્ય કોઈ સ્થળે લઈ જવાય તો દિલ્હીમાં પ્રદુષણ આપોઆપ નાબૂદ થશે. ભારતમાં સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવાને બદલે જૂના શહેરને નવું બનાવવા કોશીશ થાય છે. જૂના શહેરોમાં ક્યાંકને ક્યાંક ખોદકામ, બાંધકામ ચાલતું રહે છે. મેટ્રોનો મહત્તમ ઉપયોગ નથી થઈ શકતો એનું કારણ જ પાર્કિંગની વ્યવસ્થા અને સલામત રીતે ચાલી શકાય તેવી ફૂટપાથો તથા અંડરપાસનો અભાવ છે. જબલપુર વ્યુહાત્મક તેમજ સુરક્ષાની દૃષ્ટિએ રાજધાની માટે યોગ્ય સ્થળ છે. નર્મદા નદી ખળખળ વહે છે, એટલે પાણીની કોઈ સમસ્યા રહેવાની નથી. જમીનોના ભાવ દિલ્હી કે સુરત જેવા નથી. રીટાયર્ડ સૈન્ય અધિકારીઓ, જવાનો અને શસ્ત્રની ફેક્ટરીઓના કર્મચારીઓનું શહેર છે. શસ્ત્રોની ફેક્ટરીઓ છે. જબલપુરને મિસાઈલોના આક્રમણથી સુરક્ષિત રાખી શકાય છે. જો દિલ્હીથી રાજધાની ખસેડવામાં આવશે તો માત્ર પ્રદુષણ પર નહીં, ભ્રષ્ટાચાર પર પણ નિયંત્રણ આવી શકે. દેશને નવી રાજધાની મળે તો જીડીપી પણ ખાસ્સો વધી શકે.

**અમદાવાદ - કુમારેશ કે. ત્રિવેદી**

## ઉત્રાણ રેલ્વે સ્ટેશન

સુરત રેલ્વે સ્ટેશન અને ઉધના રેલ્વે સ્ટેશન પર સ્પેશલ યુપી. બિહારની ટ્રેનને આપવામાં આવે છે. તેવી જ રીતે જો સુરતથી નજીક આવેલ ઉત્રાણ રેલ્વે સ્ટેશન પર પણ અમુક ટ્રેનના સ્ટોપેજ આપી શકાય તેમ છે . રાજસ્થાન, મધ્યપ્રદેશ, કચ્છ, સૌરાષ્ટ્રની ટ્રેનને વરાછા મોટા વરાછા, કતારગામના રહેવાસીઓ માટે સુવિધા પણ મળશે અને અન્ય રેલ્વે સ્ટેશનના ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં સહાય થશે. ઉત્રાણ સ્ટેશન નવું સુંદર અને સગવડવાળું બનાવેલ છે. નવી ટિકિટ બારી. વિશાળ પાર્કિંગની સુવિધા ધરાવે છે. તેમાંથી બહાર નીકળતા જ આજુબાજુ રીક્ષા સ્ટેન્ડ પણ બનાવેલ છે. તેમાં રૂપિયાની આવક પણ થઈ શકે તેમ છે. હાલ તો આ પાર્કિંગમાં લોકો રમત ગમતનું મેદાન તરીકે ઉપયોગ કરે છે.

**અમરોલી - પ્રફુલ વાડોલિયા**

## કોટ વિસ્તારમાં કચરાના ઢગલા

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં પહેલા અમુક ચોક્કસ સ્પોટ પર કચરા માટે કન્ટેનર મુકવામાં આવેલા, તે ગાર્બેજની ડોર ટુ ડોર સેવા ચાલુ થઈ એટલે કન્ટેનર ઉઠાવી લેવામાં આવ્યાં, છતાં લોકો તે સ્પોટ પર કચરો ઠાલવે છે. સફાઈ કર્મી રસ્તાનો કચરો લારીમાં ભેગો કરતા હતા અને તે કચરો કન્ટેનરમાં નાંખતા હતા. હવે સફાઈ કર્મી પાસે લારી નથી અને કચરો કોથળામાં ભરી એ કચરાના કોથળાને સ્પોટ પર નાંખવામાં આવે છે. પહેલા એ સ્પોટ પર ટ્રેક્ટર દ્વારા કચરો ઉઠાવવામાં આવતો હતો જે સેવા બંધ કરી એ કચરો ડોર ટુ ડોરની ગાડી દ્વારા ઉઠાવવામાં આવે છે. એક સ્પોટ પરથી કચરો ભરે એટલે ગાડી ભરાય જાય. એક વાર ડોર ટુ ડોરની ગાડી આવી જાય પછી કચરો નાંખવાનો કોઈ વિકલ્પ નથી, પરિણામે લોકો આવા સ્પોટ પર કચરો નાંખી આવે છે. આ માટેના સૂચનો 1. ટ્રેકટર સેવા ફરી શરૂ કરવામાં આવે. 2. દરેક સફાઈ કર્મીને લારી આપવામાં આવે. 3. દરેક વોર્ડ ઓફિસ ખાતે ૨૪ કલાક ગાર્બેજની ગાડી મુકવામાં આવે, પરિણામે લોકો કચરો ગાર્બેજની ગાડીમાં નાંખશે, ગમે ત્યાં કચરો નાંખશે નહીં.

**સલાબતપુરા, સુરત - કિરીટ મેઘાવાલા**

## આત્મનિર્ભરતા (સ્વદેશી)

એક સુભાષિતનો સારાંશ કંઈક એવો છે કે હાથી-ઘોડા કે વાઘનો બલિ નથી ચડાવવામાં આવતો. ‘અજાપુત્ર’ (બકરા)નો જ બલિ ચડાવવામાં આવે છે. એક સમય હતો, બેબી બુમર્સ લાલ ઘઉં અને એ પણ રેશનકાર્ડ પર, કે પછી આપણને ભૂખા રાખવા ચોખા મોકલવાની પણ ના પડાયેલી. 1971નું યુદ્ધ જ્યારે નિર્ણયાત્મક ક્ષણે હતું ત્યારે હિન્દ મહાસાગરમાં નૌસેનાનો 7મો જહાજી બેડો કોણે મોકલેલો. અર્થતંત્ર હોય કે સંરક્ષણ સમય બદલાયો છે. 1971 નું એ આપણુ સ્વદેશી, નાનકડુ જેટ ફાઈટર કે જેણે યુએસના અજય ગણાતા સેબર જેટના છક્કા છોડાવેલા. એ ‘વિજયંતા’ ટેન્ક સામે પેટન્ટ ટેન્ક નમાલી નિવડેલી. આઈએનએસ વિક્રાંત.... પરંતુ એક સમયગાળો એવો આવ્યો કે એક યા બીજા કારણે પ્રગતિ ના થઈ. વર્તમાનમાં આપણા જેટ ફાઈટર તેજસ હોય કે સેનાની એ ‘જોરાવર’ નામની રણગાડી (ટેન્ક) આપણે સારામાં સારા બનાવીએ છીએ. મિત્રો થોડીક અંગત વાત કરીએ તો આપણે પણ સંરક્ષણની જેમ રાષ્ટ્ર માટે મહત્ત્વના એવા અર્થતંત્ર ક્ષેત્રે પેલી સેતુબંધ બાંધવામાં પોતાનો સહયોગ આપનારી નાનકડી ખીસકોલી જેમ સહયોગ કરી શકીએ છીએ. વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરીને દેશનું અબજોનું નાણુ વિદેશમાં જે ઘસડીને લઈ જવાતુ બચાવી શકીએ છીએ. આમાં જો રતિભાર શંકા હોય તો ઈન્ટરનેટ પર જોઈ શકો છો. અંતમાં એ જ વ્યાપાર માટે દેશમાં આવેલી વિદેશી કંપની એ આપણને કઈ રીતે ગુલામ બનાવી રહી છે તે વિચારો! ‘જયહિન્દ’

**પાલણપોર, સુરત - ચેતન સુશીલ જોષી**

## ખેડૂતોની મદદ કોણ કરશે?

હાલમાં જ કમોસમી પડેલા વરસાદ થી ખેડૂતોનો તૈયાર થયેલો પાક ધોવાઈ ગયો છે. ખેડૂતો ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા તે ખેડૂતોને હવે રડવાનો વારો આવ્યો છે. ઘરતંત્ર કેવી રીતે ચલાવવું? દેવું કેવી રીતે ભરવું? તે ખેડૂતોને માટે મોટી સમસ્યા ઊભી થઈ છે. આવા કપરા સમયમાં સરકાર ખેડૂતોની વાહરે આવે અને તેમને દરેક રીતે મદદ કરે તે ખૂબ જ જરૂરી છે. કમોસમી વરસાદના કારણે નાસીપાસ થયેલા ખેડૂતો ખેતી છોડી આજીવિકા માટે બીજા ધંધામાં લાગી જાય તો અનાજ શાકભાજીના ઉત્પાદન પર માઠી અસર પડશે અને ત્યારે અછત પડતા મોટી સમસ્યા ઊભી થાય તે પહેલા સમયસર ખેડૂતોને સરકારી સહાય મળી રહે તેવી ખેડૂતો માટે હાલના સમયની માંગ જ નહીં જરૂરિયાત છે.

**સુરત - વિજય તુઈવાલા**

## વિદ્યાર્થીઓમાં વધતી જતી આત્મહત્યા

વિદ્યાર્થીઓમાં વધતી જતી આત્મહત્યાઓને ગંભીરતાથી લઈને સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે દેશભરમાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ સેન્ટર સાથે સંકળાયેલી આત્મહત્યાઓ અટકાવવા માટે કોઈ કાયદાકીય માળખું નથી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અઠવાડિયામાં કમ્પ્લેયન્સ એફિડેવિટ દાખલ કરવાની સૂચના આપી છે. યુવાન યુવતીઓ જ્યારે ભર યુવાનીમાં જીવન ટૂંકાવી દે છે ત્યારે સૌથી પહેલા મને એ પ્રશ્ન થાય છે કે આપઘાત કરનાર તો આ દુનિયા છોડી જાય છે પરંતુ એમના મા-બાપની મનોદશા કેવી કરુણ થતી હશે? આપણા દેશમાં આત્મહત્યાનો રેશિયો યુવા પેઢીમાં વધી રહ્યો છે જે અત્યંત ચિંતાજનક બાબત છે. આપણા ગુજરાતમાં સૌથી વધુ આપઘાત સુરતમાં થતા હોવાનું જાણવા મળે છે. એવો અહેવાલ છે કે સુરતમાં દર વર્ષે 1000 થી વધુ લોકો આપઘાત કરે છે. મનોચિકિત્સકોના જણાવ્યા અનુસાર આર્થિક સંકડામણ, કૌટુંબિક પ્રશ્નો, સંબંધોમાં વિક્ષેપ, અભ્યાસમાં નિષ્ફળતા, લાંબી બીમારી જેવા મુખ્ય કારણો આપઘાત માટે જવાબદાર છે. યુવાન યુવતીઓ જ્યારે આપઘાત કરે છે ત્યારે એમને એમનું ભવિષ્ય અંધકારમય લાગતું હોય, તેમની આશા અને અપેક્ષા પૂર્ણ થતી ન હોય કે પછી જીવવા માટે અનેક પ્રયાસો કર્યા પછી બચવા માટે બીજો કોઈ વિકલ્પ ન હોય એવું એઓ માને છે. શાળા કે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શા માટે આત્મહત્યા તરફ ધકેલાઈ રહી છે તે માટે સૌએ ચિંતા અને ચિંતન કરવાની તાકીદે આવશ્યકતા છે. આપઘાત એ જિંદગીનો અંત જરૂર છે પરંતુ એ સમસ્યાઓનો અંત નથી એ આપઘાત કરનારે વિચારવું જોઈએ.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**